‘ઈખ્લાસ’ (નિષ્ઠા, નિખાલસતા)

બની ઈસરાઈલના એક ઉપાસક-તપસ્વીનો પ્રસંગ છે કે લોકોએ તેને આવીને કહ્યું કે – અહીંથી થોડેક દૂર એવા લોકો વસે છે, જેઓ અલ્લાહને છોડીને એક વૃક્ષની પૂજા કરે છે. તમે અલ્લાહવાળા છો, કોઈ ઉપાય કરો કે તેઓ શિર્ક (અનેકેશ્વરવાદ)થી બચી જાય. ઉપાસકે વિચાર્યું કે શા માટે વૃક્ષને જ કાપી નાખવામાં ન આવે કે ન રહે બાંસ - ન બજે બાંસરી. તેથી તેણે કુહાડી ઉઠાવી અને વૃક્ષ કાપવાના ઈરાદા સાથે નીકળી પડ્યો. હજુ થોડેક દૂર જ ગયો હતો કે ઈબ્લીસ (શૈતાન) માનવીના રૂપમાં મળ્યો અને પૂછ્યું કે મહાનુભાવ ! આ કુહાડી લઈને ક્યાં જઈ રહ્યા છો ? ઉપાસકે જવાબ આપ્યો કે ફલાણા વૃક્ષને કાપવા માટે જઈ રહ્યો છું. લોકોએ તેને પોતાનો ઉપાસ્ય બનાવી દીધો છે. ઈબ્લીસ ઉપાસકને રોકવા લાગ્યો કે વૃક્ષ ન કાપો. વાત આગળ વધી, ત્યાં સુધી કે બંને લડી પડ્યા અને ઉપાસકે ઈબ્લીસને પછાડી દીધો. હવે ઈબ્લીસે પેંતરો બદલ્યો. બોલ્યો : મહાનુભાવ ! તમે વેરાન જંગલમાં એકલા-અટૂલા પડી રહો છો. ભૂખ-તરસનું જીવન વીતાવી રહ્યા છો. શું એ યોગ્ય નહીં હોય કે હું દરરોજ બે દીનાર ભેટ આપી જઉં અને તમે આરામથી પોતાના આશ્રમમાં અલ્લાહ-અલ્લાહ કરો. રહ્યું આ વૃક્ષને કાપવાનું, તો આ માથાકૂટને છોડી દો. આમાં ઘણી સમસ્યાઓ છે. ઉપાસકે ઈબ્લીસની આ યુક્તિને સ્વીકારી લીધી અને પોતાના આશ્રમમાં પાછો જતો રહ્યો. વચન અનુસાર બીજા દિવસે બે દીનાર ઈબ્લીસે ઉપાસકને ભેટ ચઢાવ્યા. પરંતુ જ્યારે આ ભેટ ત્રીજા દિવસે ન આવી, તો ઉપાસકને ખૂબ ગુસ્સો આવ્યો અને તેણે દૃઢ ઈરાદો કર્યો કે હવે તો એ વૃક્ષને કાપી જ નાખવું છે. કુહાડી લીધી અને નીકળી પડ્યો. રસ્તામાં ફરી ઈબ્લીસ મળ્યો. તેણે ઉપાસકને અટકાવ્યો. ઉપાસક ન માન્યો અને વાત આગળ વધી, ત્યાં સુધી કે લડાઈ થઈ અને આ વખતે ઈબ્લીસે ઉપાસકને પછાડી દીધો. હાર ખાધા પછી ઉપાસકે ઈબ્લીસને પૂછ્યું કે પહેલા તો મેં તને હરાવી દીધો હતો, આ વખતે કઈ રીતે તેં મને હરાવી દીધો ? ઈબ્લીસે કહ્યું કે વાત તદ્દન ચોખ્ખી છે. પહેલા તમે મને માત્ર અલ્લાહની પ્રસન્નતા માટે નિષ્ઠા અને નિખાલસતાથી લડ્યા હતા, તેથી તમે જીતી ગયા. આ વખતે લડાઈ અલ્લાહના બદલે દીનાર માટે હતી, તેથી હું જીતી ગયો અને તમે હારી ગયા.

હઝરત ઉમ્મે કૈસે જ્યારે મક્કાથી મદીના હિજરત કરી, તો તેમના સાથે લગ્ન માટે એક વ્યક્તિએ પણ મક્કાને છોડ્યું અને મદીના આવીને વસી ગયા. તેમના આ સ્થળાંતરમાં દીનની મદદ અને મુસલમાનોની હિમાયતની કોઈ ભાવના ન હતી. તેથી રસૂલુલ્લાહ ﷺ ફરમાવ્યું :

« إِنَّمَا الْأَعْمَالُ بِالنِّيَّاتِ وَإِنَّمَا لِكُلِّ امْرِئٍ مَا نَوَى؛ فَمَنْ كَانَتْ هِجْرَتُهُ إِلَى دُنْيَا يُصِيبُهَا أَوِ إِلَى امْرَأَةٍ يَنْكِحُهَا فَهِجْرَتُهُ إِلَى مَا هَاجَرَ إِلَيْهِ» (متفق عليه)

અર્થાત્, આ'માલ (કાર્યો)નો આધાર નિયત પર છે. દરેક વ્યક્તિને એ જ મળે છે જેની તે નિયત કરે છે. જેણે અલ્લાહ અને તેના રસૂલ માટે હિજરત કરી, તો તેણે અલ્લાહ અને તેના રસૂલ તરફ હિજરત કરી અને જેણે

www.uzairalahi.com

એટલા માટે હિજરત કરી કે દુનિયા કમાવે અને કોઈ સ્ત્રીથી લગ્ન કરે, તો તેની હિજરત આ જ વસ્તુઓ માટે હિજરત માનવામાં આવશે. (મુત્તફિક અલયહિ)

ઈખ્લાસ શું છે ?

ઈખ્લાસ (નિષ્ઠા, નિખાલસતા) એ છે કે માનવી દરેક કાર્ય માત્ર અલ્લાહ અને તેની પ્રસન્નતા માટે કરે. તેમાં દંભ, દેખાડો અને પાખંડનો હેતુ ન હોય. આ જ નિષ્ઠાપૂર્ણ કાર્યના પ્રાણ છે. પ્રત્યેક મુસલમાને કાર્ય પહેલા પોતાની નિયતને યોગ્ય કરી લેવી જોઈએ. અલ્લાહના નજીક એ જ કાર્ય સ્વીકાર્ય હોય છે, જે કેવળ તેના જ ડરથી કે તેના પ્રેમમાં કરવામાં આવે. અલ્લાહ તઆલા એ કાર્યોનો સ્વીકાર કદાપિ નથી કરતો, જે દેખાડા અને ડોળ માટે હોય, જે બીજા લોકો પાસે પ્રશંસા માટે કરવામાં આવે અથવા તેમને ખુશ કરવા માટે કરવામાં આવે. આ જ ઈખ્લાસ છે. અલ્લાહ તઆલાએ કુર્આનમાં ફરમાવ્યું :

﴿ وَمَآ أُمِرُوٓا۟ إِلَّا لِيَعْبُدُوا۟ ٱللَّهَ مُخْلِصِينَ لَهُ ٱلدِّينَ حُنَفَآءَ ﴿٥﴾ ﴾ البينة: ٥

અનુવાદ : ''તેમને એના સિવાય કોઈ આદેશ આપવામાં આવ્યો ન હતો કે માત્ર અલ્લાહની ઈબાદત કરે, તેના જ માટે દીનને વિશુદ્ધ રાખે.'' (સૂરઃ બૈયિનહ, આ.૫)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ أَلَا لِلَّهِ ٱلدِّينُ ٱلْخَالِصُ ﴿٣﴾ ﴾ الزمر: ٣

અનુવાદ : ''સાવધાન ! અલ્લાહ તઆલા માટે જ વિશુદ્ધરૂપે ઈબાદત કરવાની છે.'' (સૂરઃ ઝુમર, આ.૩)

રસૂલે અકરમ ﷺ એ ફરમાવ્યું :

« إِنَّ اللَّهَ لَا يَقْبَلُ مِنَ الْعَمَلِ إِلَّا مَا كَانَ خَالِصًا، وَابْتُغِيَ بِهِ وَجْهُهُ» (النسائي)

અર્થાત્, અલ્લાહ તઆલા કેવળ એ જ આ'માલ (કાર્યો)નો સ્વીકાર કરે છે, જે તેના જ માટે કરવામાં આવ્યા હોય અને જેનાથી કેવળ તેની જ પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો હેતુ હોય. (નસાઈ)

મુસલમાન, ચાહે વેપારી હોય કે સામાન્ય મજૂર, આલિમ (શિક્ષક, ધાર્મિક વિદ્વાન) હોય કે વિદ્યાર્થી, કે કંઈ બીજું હોય, દરેક માટે ઈખ્લાસ (નિષ્ઠા) આવશ્યક છે.

નિષ્ઠા અને નિખાલસતા પયગંબરોનો ગુણ છે :

હઝરત મૂસા ﷺ ના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿ وَٱذْكُرْ فِى ٱلْكِتَـٰبِ مُوسَىٰٓ ۚ إِنَّهُۥ كَانَ مُخْلَصًا وَكَانَ رَسُولًا نَّبِيًّا ﴿٥١﴾ ﴾ مريم: ٥١

www.uzairfalahi.com

અનુવાદ : ''અને યાદ કરો આ ગ્રંથમાં મૂસાને. તે એક ચુનંદો વ્યક્તિ હતો અને રસૂલ-નબી હતો.''
(સૂરઃ મરયમ, આ.૫૧)

એ જ રીતે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ ﷺ, ઈસ્હાક ﷺ અને યાકૂબ ﷺ વિશે ફરમાવ્યું :

﴿ وَٱذْكُرْ عِبَٰدَنَآ إِبْرَٰهِيمَ وَإِسْحَٰقَ وَيَعْقُوبَ أُو۟لِى ٱلْأَيْدِى وَٱلْأَبْصَٰرِ ﴿٤٥﴾ إِنَّآ أَخْلَصْنَٰهُم بِخَالِصَةٍ ذِكْرَى
ٱلدَّارِ ﴿٤٦﴾ وَإِنَّهُمْ عِندَنَا لَمِنَ ٱلْمُصْطَفَيْنَ ٱلْأَخْيَارِ ﴿٤٧﴾ ﴾ ص: ٤٥ - ٤٧

અનુવાદ : ''અને અમારા બંદાઓ ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબને યાદ કરો. ખૂબ કાર્યક્ષમ અને દૂરંદેશ લોકો હતા. અમે તેમને એક વિશેષ ગુણના કારણે ચૂંટ્યા હતા, અને તે આખિરતના ઘરની યાદ હતી. ચોક્કસ, અમારા ત્યાં તેમની ગણના ચૂંટેલા નેક લોકોમાં છે.'' (સૂરઃ સૉદ, આ.૪૫-૪૭)

નિયતમાં નિષ્ઠા :

કેટલાક લોકોએ રસૂલુલ્લાહ ﷺ થી જિહાદ પર જવા માટે અનુમતિ માંગી. આ તબૂકના યુદ્ધનો પ્રસંગ હતો. પરંતુ તેમના પાસે ન શસ્ત્રો હતા અને ન સવારીઓ હતી. રસૂલુલ્લાહ ﷺ ની પાસે પણ કોઈ એવી વસ્તુ ન હતી, જેનાથી આપ ﷺ તેમની મદદ કરતા. લાચારીવશ તેમને પાછા જવાનો આદેશ આપ્યો. એ લોકો ખૂબ જ દુઃખી થયા. રડતાં-રડતાં પાછા ફર્યા. તેમના જિહાદ અને શહાદતના ઉત્સાહ અને તેમની આના વિશેની નિષ્ઠા અને નિખાલસતા પર અલ્લાહ તઆલાને પણ દયા આવી ગઈ અને કયામત સુધી તેમનો ઉલ્લેખ કુર્આનમાં સુરક્ષિત કરી દીધો. ફરમાવ્યું :

﴿ لَّيْسَ عَلَى ٱلضُّعَفَآءِ وَلَا عَلَى ٱلْمَرْضَىٰ وَلَا عَلَى ٱلَّذِينَ لَا يَجِدُونَ مَا يُنفِقُونَ حَرَجٌ إِذَا نَصَحُوا۟ لِلَّهِ
وَرَسُولِهِۦ ۚ مَا عَلَى ٱلْمُحْسِنِينَ مِن سَبِيلٍ ۚ وَٱللَّهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٩١﴾ وَلَا عَلَى ٱلَّذِينَ إِذَا مَآ أَتَوْكَ
لِتَحْمِلَهُمْ قُلْتَ لَآ أَجِدُ مَآ أَحْمِلُكُمْ عَلَيْهِ تَوَلَّوا۟ وَّأَعْيُنُهُمْ تَفِيضُ مِنَ ٱلدَّمْعِ حَزَنًا أَلَّا يَجِدُوا۟
مَا يُنفِقُونَ ﴿٩٢﴾ ﴾ التوبة: ٩١ - ٩٢

અનુવાદ : ''વૃદ્ધ અને બીમાર લોકો અને એ લોકો જેઓ જિહાદમાં સામેલ થવા માટે ઉપાય નથી શોધી શકતા, જો પાછળ રહી જાય તો કોઈ દોષ નથી, જ્યારે કે તેઓ વિશુદ્ધ નિયતની સાથે અલ્લાહ અને તેના રસૂલના વફાદાર હોય. આવું ભલું વર્તન કરનારાઓને દોષિત ઠરાવવાને કોઈ કારણ નથી અને અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે. એ રીતે તેમના પર પણ કોઈ દોષ નથી જેમણે સ્વયં આવીને તમારાથી નિવેદન કર્યું હતું કે અમારા માટે સવારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, અને જ્યારે તમે કહ્યું કે હું તમારા માટે સવારીઓનો પ્રબંધ કરી શકતો નથી, તો તેઓ લાચારીવશ પાછા ચાલ્યા ગયા, અને સ્થિતિ એ હતી કે તેમની આંખોથી આંસુ

www.uzairfalahi.com

વહી રહ્યા હતા અને તેમને એ વાતનું ખૂબ દુઃખ હતું કે તેઓ પોતાના ખર્ચ પર જિહાદનું સામર્થ્ય ધરાવતા નથી.'' (સૂરઃ તૌબા, આ.૯૧-૯૨)

રસૂલુલ્લાહ ﷺ જ્યારે જિહાદ માટે મદીનાથી નીકળ્યા, તો સહાબા કિરામને સંબોધન કરતાં ફરમાવ્યું :

«إِنَّ أَقْوَامًا بِالْمَدِينَةِ خَلْفَنَا، مَا سَلَكْنَا شِعْبًا وَلاَ وَادِيًا إِلَّا وَهُمْ مَعَنَا فِيهِ، حَبَسَهُمُ الْعُذْرُ» (البخاري)

અર્થાત્, મદીનામાં કેટલાક લોકો એવા રહી ગયા છે, જેઓ આપણા સાથે ખીણો અને મેદાનોમાં ચાલ્યા તો નથી, પરંતુ તેમ છતાં તેઓ આપણા સાથે છે. તેમની મજબૂરીઓએ તેમને રોકી લીધા છે. (બુખારી)

ઈબાદતમાં નિષ્ઠા :

બંદાની બધી ઈબાદતો અને આજ્ઞાપાલનનો અલ્લાહના નજીક માત્ર એ શરતે સ્વીકાર થાય છે કે તે વિશુદ્ધરૂપે અલ્લાહ માટે જ હોય. જો તેમાં કોઈ અન્યનો અંશ પણ આવી જાય તો કદાપિ તેનો સ્વીકાર નહીં થાય. હદીસે-કુદસી છે :

« أَنَا أَغْنَى الشُّرَكَاءِ عَنِ الشِّرْكِ, مَنْ عَمِلَ عَمَلًا أَشْرَكَ فِيهِ مَعِي غَيْرِي تَرَكْتُهُ وَشِرْكَهُ» (مسلم)

અર્થાત્, હું દરેક પ્રકારના શિર્કથી નિરપેક્ષ છું. જોઈ કોઈ વ્યક્તિએ કોઈ કાર્ય એવું કર્યું, જેમાં મારા સિવાય કોઈ અન્યને સામેલ કર્યો, તો હું તેને અને ભાગીદાર બંનેને છોડી દઉં છું. (મુસ્લિમ)

મુસલમાન જ્યારે નમાઝ પઢે છે, તો તેની નિયત પોતાના રબની પ્રસન્નતાની પ્રાપ્તિ હોય છે. તેના કિયામ અને કાયદા તથા રુકુઅ અને સિજદા, તેની એકાગ્રતા અને વિનમ્રતાનું એક માત્ર કારણ અને લક્ષ્ય અલ્લાહ ત્આલાની પ્રસન્નતા હોય છે. તે રોઝા રાખે છે, તો તેનો અજ્ર (બદલો) અને સવાબ અલ્લાહથી ઈચ્છે છે; તે હજ્જ કરે છે અને ઝકાત આપે છે, તો પોતાના રબના આદેશના પાલન કાજે, ટૂંકમાં તેનું જીવવું અને મરવું, ઊઠવું અને બેસવું, સમગ્ર જીવન માત્ર અલ્લાહની પ્રસન્નતાની પ્રાપ્તિ અને તેના આજ્ઞાપાલન માટે હોય છે. તે કોઈપણ કાર્ય એટલા માટે નથી કરતો કે લોકો તેને મુત્તકી (ઈશનિષ્ઠ) અને પરહેજગાર કહે, તેને નમાઝી અને રોઝાદાર અને હાજી સાહેબ કહે.

જિહાદમાં નિષ્ઠા :

અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરવું સામાન્ય વાત નથી. આમાં વ્યક્તિ પોતાના જીવથી પણ હાથ ધોઈ નાખતો હોય છે. જે અલ્લાહના માર્ગમાં અલ્લાહના વિદ્રોહીઓથી યુદ્ધ કરે છે તે બરાબર જાણે છે કે તદ્દન સંભવ છે કે તેના બાળકો અનાથ થઈ જાય. સ્પષ્ટ છે, વ્યક્તિના પ્રાણ ખૂબ કીમતી છે. તેથી જિહાદનું ખૂબ મહત્ત્વ અને ફઝીલત છે. પરંતુ યુદ્ધમાં પ્રાણ ન્યોછાવર કરવા પણ જો અલ્લાહ માટે નથી, તો તે પણ સ્વીકાર્ય નથી. જો જિહાદમાં

www.uzairfalahi.com

ઈખ્લાસ (નિષ્ઠા) ન હોય તો આટલું મહાન કાર્ય પણ નકામું, અર્થહીન અને મહત્ત્વહીન બનીને રહી જાય છે. એક વ્યક્તિ અલ્લાહના રસૂલ ﷺ ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે હે અલ્લાહના રસૂલ ﷺ ! હું જિહાદ કરીને અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માગું છું અને એ પણ ઈચ્છું છું કે મારી વીરતા અને બહાદુરીની પણ લોકોને જાણ થાય. રસૂલુલ્લાહ ﷺ એ કોઈ જવાબ ન આપ્યો અને મૌન રહ્યા કે આ આયત અવતરિત થઈ :

﴿ فَمَن كَانَ يَرْجُوا لِقَاءَ رَبِّهِ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهِ أَحَدًا ﴿١١٠﴾ ﴾ الكهف: ١١٠

અનુવાદ : ''બસ, જે કોઈ પોતાના રબની મુલાકાતનો ઉમેદવાર હોય તે નેક અમલ કરે અને બંદગીમાં પોતાના રબની સાથે કોઈ અન્યને ભાગીદાર ન બનાવે'' (સૂરઃ કહફ, આ.૧૧૦)

એ રીતે એક આરબ ગ્રામવાસી રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવ્યો અને કહ્યું કે હે અલ્લાહના રસૂલ ﷺ ! એક વ્યક્તિ માલે-ગનીમત (યુદ્ધ પશ્ચાત્ મળતો માલ-સામાન) માટે યુદ્ધ કરે છે. બીજો કીર્તિ અને ખ્યાતિ માટે લડે છે અને ત્રીજો પોતાની વીરતા અને બહાદુરીના પ્રદર્શન માટે યુદ્ધ કરે છે. આમાંથી કોણ છે જે અલ્લાહના માર્ગમાં જિહાદ કરે છે ? રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«مَنْ قَاتَلَ لِتَكُونَ كَلِمَةُ اللهِ هِيَ الْعُلْيَا، فَهُوَ فِي سَبِيلِ اللهِ عَزَّ وَ جَلَّ»

અર્થાત્, જે એટલા માટે યુદ્ધ કરે, જેથી અલ્લાહનો બોલ સર્વોચ્ચ થાય, બસ એ જ અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરવાવાળો હોય છે. (મુત્તફિક અલયહિ)

ઈખ્લાસ (નિષ્ઠા)નો બદલો ખૂબ મોટો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે નિખાલસ વ્યક્તિ શૈતાન અને તેના વસવસાઓથી સુરક્ષિત રહે છે. સ્વયં ઈબ્લીસે અલ્લાહ તઆલાને આ રીતે કહ્યું :

﴿ قَالَ رَبِّ بِمَا أَغْوَيْتَنِي لَأُزَيِّنَنَّ لَهُمْ فِي الْأَرْضِ وَلَأُغْوِيَنَّهُمْ أَجْمَعِينَ ﴿٣٩﴾ ﴾ الحجر: ٣٩

અનુવાદ : ''એ બોલ્યો : મારા રબ ! જે રીતે તેં મને બહેકાવ્યો, એ રીતે હું ધરતીમાં તેમના માટે મોહમાયા પેદા કરીને એ બધાને બહેકાવીશ.'' (સૂરઃ હિજ્ર, આ.૩૯)

અલ્લાહ તઆલાએ પોતાના નિખાલસ બંદાઓના ઈનામ અને બદલા વિશે ફરમાવ્યું :

﴿ إِلَّا الَّذِينَ تَابُوا وَأَصْلَحُوا وَاعْتَصَمُوا بِاللَّهِ وَأَخْلَصُوا دِينَهُمْ لِلَّهِ فَأُولَٰئِكَ مَعَ الْمُؤْمِنِينَ ۖ
وَسَوْفَ يُؤْتِ اللَّهُ الْمُؤْمِنِينَ أَجْرًا عَظِيمًا ﴿١٤٦﴾ ﴾ النساء: ١٤٦

અનુવાદ : ''અલબત્ત, જે લોકોએ એનાથી તૌબા કરી લીધી અને પોતાના વર્તનની સુધારણા કરી લીધી અને

www.uzairfalahi.com

અને અલ્લાહનું દામન મજબૂત રીતે પકડી લે અને પોતાના દીનને અલ્લાહ માટે વિશુદ્ધ કરી લે, આવા લોકો મોમિનોની સાથે છે અને અલ્લાહ મોમિનોને અવશ્ય મહાન બદલો પ્રદાન કરશે.'' (સૂરઃ નિસા, આ.૧૪૬)

નિષ્ઠા અને નિખાલસતાનો સૌથી મોટો દુશ્મન આડંબર, પાખંડ અને દેખાડો છે. આ એક ચિનગારી નિષ્ઠાની આખી ફસલને બાળીને રાખ કરી નાખે છે. જ્યાં આડંબર અને દેખાડો આવે છે, ત્યાંથી ચુપકેથી નિષ્ઠા અને નિખાલસતા વિદાય થઈ જાય છે. દેખાડો અને પાખંડ નિફાકની નિશાની અને મુનાફિકનું લક્ષણ છે. નિફાક અને નિષ્ઠા એક જગ્યાએ ભેગા નથી થઈ શકતા. દેખાડો કરનારા મુનાફિકોનું ચિત્ર અલ્લાહે આ રીતે ખેંચ્યું છે :

﴿إِنَّ ٱلْمُنَٰفِقِينَ يُخَٰدِعُونَ ٱللَّهَ وَهُوَ خَٰدِعُهُمْ وَإِذَا قَامُوٓاْ إِلَى ٱلصَّلَوٰةِ قَامُواْ كُسَالَىٰ يُرَآءُونَ ٱلنَّاسَ وَلَا يَذْكُرُونَ ٱللَّهَ إِلَّا قَلِيلًا ﴿١٤٢﴾﴾ النساء: ١٤٢

અનુવાદ : ''આ મુનાફિકો અલ્લાહની સાથે ધોકો કરી રહ્યા છે, જો કે વાસ્તવમાં અલ્લાહે જ તેમને ધોકામાં નાખી રાખ્યા છે. જ્યારે આ લોકો નમાઝ માટે ઊભા થાય છે તો ક-મને, માત્ર લોકોને દેખાડવા માટે ઊભા થાય છે અને અલ્લાહને ઓછા જ યાદ કરે છે.'' (સૂરઃ નિસા, આ.૧૪૨)

નિખાલસ મુસલમાનનું હૃદય નિફાક અને પાખંડથી પવિત્ર હોય છે. નિફાક અને પાખંડનું બીજ સૌપ્રથમ દિલમાં વાવવામાં આવે છે. જો તે ત્યાં પાંગરી જાય છે, તો અંગો અને ઉપાંગોથી તે પ્રગટ થવા લાગે છે. જો તેનાથી બચવું હોય તો તેણે સૌપ્રથમ પોતાના હૃદયને ઢંઢોળવું જોઈએ અને ત્યાંથી તેને નેસ્ત-નાબૂદ કરવું જોઈએ. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِنَّ اللَّهَ لاَ يَنْظُرُ إِلَى أَجْسَادِكُمْ وَلاَ إِلَى صُوَرِكُمْ وَلَكِنْ يَنْظُرُ إِلَى قُلُوبِكُمْ» (مسلم)

અર્થાત્, અલ્લાહ તઆલા તમારા શરીર અને તમારા ચહેરાઓને નથી જોતો, બલ્કે તે તો તમારા હૃદયોને જુએ છે. (મુસ્લિમ)

રિયા (આડંબર અને દેખાડો) શિર્ક છે :

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِنَّ أَخْوَفَ مَا أَتَخَوَّفُ عَلَى أُمَّتِي، الْإِشْرَاكُ بِاللَّهِ، أَمَا إِنِّي لَسْتُ أَقُولُ يَعْبُدُونَ شَمْسًا، وَلاَ قَمَرًا، وَلاَ وَثَنًا، وَلَكِنْ أَعْمَالاً لِغَيْرِ اللَّهِ، وَشَهْوَةً خَفِيَّةً» (ابن ماجه)

અર્થાત્, મને મારી ઉમ્મત વિશે જે સૌથી વધારે ભય છે તે અલ્લાહની સાથે શિર્કનો છે. હું એમ નથી કહેતો

www.uzairfalahi.com

કે લોકો સૂર્ય, ચંદ્ર કે કોઈ મૂર્તિની પૂજા કરવા લાગશે, બલ્કે એવા કાર્યો કરવા લાગશે જે અલ્લાહ સિવાય બીજાઓ માટે હશે અને છૂપી ઇચ્છાઓ માટે હશે. (ઇબ્ને માજા)

એક બીજી હદીસમાં છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إن أخوف ما أخاف عليكم الشـــــرك الأصغر" قالوا : يا رسول الله وما الشـــــرك الأصغر؟ قال "الـرياء" إن الله يقول : "يوم تجازى العباد بأعمالهم اذهبوا إلـى الذين كنتم تـراءون بأعمالكم فـي الدنيا، فانظروا هل تجدون عندهم جزاء» (أحمد)

અર્થાત્, મને તમારા વિશે 'શિર્કે અસગર' (નાના કે સામાન્ય શિર્ક)નો ભય છે. લોકોએ પૂછ્યું કે 'શિર્કે અસગર' શું છે ? તો આપ ﷺ એ ફરમાવ્યું : અલ્લાહ તઆલા કયામતમાં જ્યારે લોકોને તેમના કાર્યોનો બદલો આપી રહ્યો હશે, તો કહેશે : તમે લોકો દુનિયામાં જેમને દેખાડવા માટે કાર્ય કરતા હતા તેમના પાસે જાઓ અને જુઓ કે તેમના પાસે તમને આપવા માટે શું બદલો છે ? (અહમદ)

આમ, કયામતના દિવસે આવા આડંબર અને દેખાડો કરનારાઓ અજ્ર (બદલા)થી વંચિત રહેશે.

આડંબર અને દેખાડો કરનારા જહન્નમમાં હશે :

અમુક ગઝવાત (જેમાં રસૂલુલ્લાહ ﷺ સામેલ હતા એ યુદ્ધ)માં રસૂલુલ્લાહ ﷺ એ પોતાના સહાબાને ફરમાવ્યું કે ફલાણો જહન્નમમાં જશે, જ્યારે કે તે વ્યક્તિ મુસલમાનો સાથે મળીને યુદ્ધ કરી રહ્યો હતો. આના પર સહાબા કિરામને ખૂબ આશ્ચર્ય થયું. એ વ્યક્તિ પર લોકોએ નજર જમાવી રાખી કે જોઈએ તે આગળ શું કરે છે. ખબર પડી કે તે દુશ્મનો સામે અત્યંત બહાદુરથી લડી રહ્યો હતો. સહાબા કિરામના આશ્ચર્યમાં ઓર વધારો થઈ ગયો. થોડીક વાર પછી જોયું કે તે ગંભરીપણે ઘવાયો છે અને અત્યંત પીડાની સ્થિતિમાં તેણે પોતાની તલવારથી પોતાને મારી નાખ્યો. આ જ અરસામાં સહાબાએ તેને પૂછ્યું કે આટલી બહાદુરીથી લડ્યા પછી આ શું કૃત્ય કરી રહ્યા છો ? તેણે જવાબ આપ્યો કે હું કોમની તરફદારી માટે લડી રહ્યો હતો અને એટલા માટે લડી રહ્યો હતો કે મારી બહાદુરીની લોકોને જાણ થાય. છેવટે તે વ્યક્તિ મરી ગયો અને રસૂલુલ્લાહ ﷺ ની વાત સાચી પુરવાર થઈ.

રસૂલુલ્લાહ ﷺ એ એ વાત સ્પષ્ટરૂપે ફરમાવી દીધી કે આડંબર અને દેખાડો કરનારાઓને કયામતના દિવસે સૌથી પહેલા અઝાબ આપવામાં આવશે. જહન્નમમાં સૌપ્રથમ જનારાઓમાં ત્રણ પ્રકારના લોકો હશે. આલિમ (ધાર્મિક વિદ્વાન), કારી (કુર્આન પઢનારો) અને શહીદ. આ એ લોકો હશે, જેઓ નિખાલસ નહીં હોય અને તેમણે બધું જ દુનિયાને દેખાડવા માટે કર્યું હશે.

આડંબર અને દેખાડો ઈબાદતને રદબાતલ કરી નાખે છે :

ઈબાદતોમાં જો નિયત દેખાડા અને આડંબરની હોય, નિખાલસતા અને નિષ્ઠા ન હોય, તો તે વળી શા માટે

www.uzaifalahi.com

સ્વીકારવામાં આવે ! આ તો એક પ્રકારે અલ્લાહને છેતરવાનું થયું. આવા કાર્યો માટે સવાબ (પુણ્ય)ના બદલે અઝાબ થશે. ફરમાવ્યું :

﴿فَوَيۡلٞ لِّلۡمُصَلِّينَ ٤ ٱلَّذِينَ هُمۡ عَن صَلَاتِهِمۡ سَاهُونَ ٥ ٱلَّذِينَ هُمۡ يُرَآءُونَ ٦ وَيَمۡنَعُونَ ٱلۡمَاعُونَ ٧﴾ الماعون: ٤ - ٧

અનુવાદ : ''પછી વિનાશ છે એ નમાઝ પઢનારાઓ માટે જેઓ પોતાની નમાઝથી બેપરવાઈ કરે છે, જેઓ દેખાડો કરે છે અને સામાન્ય જરૂરતની વસ્તુઓ (લોકોને) આપવામાં આનાકાની કરે છે.''

(સૂરઃ માઊન, આ.૪-૭)

એ જ પ્રમાણે એ લોકો દેખાડવા માટે સદકા-ખૈરાત (દાન-સખાવત) કરે છે, તેમનો આશય એ હોય છે કે લોકો તેમને સખી અને દાનવીર કહે. આવા લોકોને આખિરતમાં કોઈ બદલો નહીં મળે. તેમનું ઉદાહરણ જમીન જેવું છે, જેમાં કોઈ ફળદ્રુપતા નથી હોતી. કુર્આન કહે છે :

﴿فَمَثَلُهُۥ كَمَثَلِ صَفۡوَانٍ عَلَيۡهِ تُرَابٞ فَأَصَابَهُۥ وَابِلٞ فَتَرَكَهُۥ صَلۡدٗاۖ لَّا يَقۡدِرُونَ عَلَىٰ شَيۡءٖ مِّمَّا كَسَبُواْۗ ٢٦٤﴾ البقرة: ٢٦٤

અનુવાદ : ''આ ખર્ચનું ઉદાહરણ એવું છે, જાણે ખડક હતો, જેના પર માટીનું પડ જામેલું હતું. તેના પર જ્યારે જોરથી વરસાદ વરસ્યો તો બધી માટી વહી ગઈ અને સાફ ખડકનો ખડક રહી ગયો.''

(સૂરઃ બકરહ, આ.૨૬૪)

એ કાર્યો, જે અલ્લાહ માટે કરવામાં ન આવ્યા હોય, તે કાર્યો નહીં, બલ્કે આફત છે. તેનું કોઈ પરિણામ નથી હોતું. તે નકામાં, વ્યર્થ અને મહત્ત્વહીન હોય છે. તેની હેસિયત ધૂળ-માટીની હોય છે, જે થોડીક હવાથી ઊડી જાય છે અને વેરવિખેર થઈને નામ-નિશાન વગરના થઈ જાય છે :

﴿وَقَدِمۡنَآ إِلَىٰ مَا عَمِلُواْ مِنۡ عَمَلٖ فَجَعَلۡنَٰهُ هَبَآءٗ مَّنثُورًا ٢٣﴾ الفرقان: ٢٣

અનુવાદ : ''અને જે કંઈ તેમનું કર્યું-કરાવ્યું હોય છે, તે લઈને અમે ધૂળની જેમ તેને ઊડાવી દઈશું.''

(સૂરઃ ફુરકાન, આ.૨૩)

www.uzairfalahi.com